ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મહાઅભિયાન : શહેર-જિલ્લામાં ૫૨ હજારથી વધુનું વેક્સિનેશન

**શહેરમાં ૧૧ હજારથી વધુ તો ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ હજારથી વધુ લોકોને આવરી લેવાયા : આરોગ્ય કમિશનરે ઉવારસદ તો મનપા કમિશનરે ઝુંડાલ વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લીધી : મોનીટરીંગ માટે જિલ્લા વિકાસ અધિકારી મોડે સુધી ઓફિસમાં બેઠા અને અધિકારીઓને તાલુકામાં મોકલી સતત મોનીટરીંગ કર્યુ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના પ્રતિકાર માટે



વેક્સિનેશન અભિયાનમાં આજે રાત્રે ૮ વાગ્યા સુધીમાં ૫૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે વડાપ્રધાન મોદીના જન્મદિવસની ઉજવણી માટે ખાસ વેક્સિનેશન મહા અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ હજારથી વધુ અને ગાંધીનગર શહેરમાં ૧૧ હજારથી વધુ લોકોને આવરી લઈ તંત્રએ આજે વેક્સિનેશન અભિયાનમાં વિક્રમી કામગીરી કરી છે. આજે વેક્સિનેશન અભિયાનમાં સેકન્ડ ડોઝ વેક્સિનનો લેનારાઓની સંખ્યા વિશેષ રહી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે સવારના ૮ વાગ્યાથી વેક્સિનેશન અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. કામગીરી થોડીક ધીમી જણાતાં રાજ્યના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે, કલેકટર કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ ઉવારસદ પી.એચ.સી. કેન્દ્રની મુલાકાતે પહોંચ્યા હતા અને કર્મયોગીઓના ઉત્સાહને પ્રોત્સાહિત કર્યો હતો.

સાંજે પાંચ વાગ્યા સુધી જિલ્લામાં ૩૯ ટકા જેટલી જ કામગીરી લક્ષ્યાંક સામે થઈ હોવાથી મોનીટરીંગ કરી રહેલા જિલ્લા વિકાસ અધિકારીએ તાબડતોબ અધિકારીઓને તાલુકા મથકે જવા રવાના કરી અને કામગીરીમાં ગતિ આવે તે જોવા સૂચના આપી હતી.

રાત્રે ૮ વાગે ૪૧ હજાર લોકોને તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. આજે વેક્સિનેશન અભિયાનને લઈ નર્સીંગ કોલેજની ૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓની પણ ખાસ સેવાઓ લેવામાં આવી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોડી સાંજે મળેલ વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ કામગીરી વેક્સિનની થઈ હતી. જ્યારે માણસામાં ફાળવવામાં આવેલ લક્ષ્યાંક સામે ૩૦ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે ૨૪ હજારથી વધુ લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લીધો હતો જ્યારે ૯૩૦૦ થી વધુ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો. જિલ્લામાં ૨૦૦ થી વધુ મહેસુલી ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૫ દિવસ સુધી મંત્રીઓએ ગાંધીનગર નહિ છોડવા સૂચના

**મોડી સાંજે સ્વર્ણિમ સંકુલ-૧-૨ માં કાર્યાલયોની ફાળવણી કરાઈ : સોમવારે બધા મંત્રીઓ કાર્યાલયમાં કામગીરી સંભાળશે**

ગાંધીનગર, તા. ૧૭

ગઈકાલે નવી રચાયેલ સરકારના તમામ મંત્રીઓને આગામી ૧૫ દિવસ સુધી ગાંધીનગર નહિ છોડવાના અને વધુ પડતા પ્રવાસ કાર્યક્રમોથી દૂર રહેવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આજે જો કે મંત્રીમંડળના સભ્યોએ કાર્યાલયની ફાળવણી થઈ ન હોવાથી સચિવાલયમાં તેમની કચેરીમાં ગયા જ ન હતા. સ્વર્ણિમ સંકુલમાં હજુ આજે મોડી સાંજે મંત્રીઓને તેમના કાર્યાલયોની ફાળવણી કરતા હુકમો સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે.

સચિવાલયમાં આજે પણ જુના મંત્રીઓના કાર્યાલયને ખાલી કરવાની કામગીરી ચાલુ જ રહી હતી.

જુના મંત્રીમંડળમાં છેલ્લા કેટલાક દિવસોથી મંત્રીઓ વિવિધ કાર્યક્રમ અને પ્રવાસમાં વ્યસ્ત હોવાથી ફાઈલોનો ભરાવો થઈ ગયો હોવાથી આગામી ૧૫ દિવસ સુધી મંત્રીઓને ગાંધીનગર નહિ છોડવાના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સ્વર્ણિમ સંકુલ-૧ માં પહેલા માળે અને બીજા માળે કેબિનેટ મંત્રીઓને કાર્યાલયની ફાળવણી કરવામાં આવી છે જ્યારે ત્રીજા અને ચોથા માળે મુખ્યમંત્રીના કાર્યાલય માટે નિયત કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ સંકુલ-૨ માં ૧, ૨, ૩ જા માળે રાજ્યમંત્રીઓને કાર્યાલયની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યમાં નવા મંત્રીમંડળના તમામ મંત્રીઓ સોમવારે ૧૨.૩૯ ના વિજય મુહૂર્તમાં તેમના કાર્યાલયમાં પ્રવેશ કરશે અને તેમની કામગીરીનો આરંભ કરશે.

તમામ મંત્રીઓને પરફોમન્સ આપવા માટેની ખાસ સૂચના આપવામાં આવી છે એટલુ જ નહિ પ્રજાભિમુખ નિર્ણયો લેવાને અગ્રતા આપવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યમાં નવા મંત્રીમંડળની રચના પછી જૂના મંત્રીઓના કાર્યાલયો ખાલી કરવાની કામગીરી ચાલુ રહી હોવાથી હજુ પણ સ્વર્ણિમ સંકુલમાં ફરજ બજાવતા કર્મયોગીઓ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવતો નથી.

# વાહનોની ગતિ નિયંત્રણમાં રાખવા મુકાયેલા સોલાર બ્લિન્કર્સની બેટરી ચોરી



ગાંધીનગર તા ૧૭

શહેરમાં મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો સેકટરોના એપ્રોચ પાસે ગતિ નિયંત્રણમાં રહે તે માટે વિવિધ ૨૧૦ જેટલા જંકશન પર સોલાર બ્લિન્કર્સ મુકાયા છે. પરંતુ આ સોલાર બ્લિન્કર્સની બેટરી ચોરી

**શહેરમાં વિવિધ ૨૧૦ જંકશન પર બ્લિન્કર્સ મુકાયેલા છે : આ પૈકી ૬૦ બ્લિન્કર્સની ચોરી થઇ જતા તંત્ર માટે શિરદર્દ : સેકટરોના એપ્રોચ માર્ગ પરથી મુખ્યમાર્ગો પર આવતા વાહનો અકસ્માતને ન ભેટે તે માટે બ્લિન્કર્સ મુકાયા છે**

થઈ જતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. શહેરમાં અંદાજિત ૬૦ જેટલા ઠેકાણે આ પ્રકારના બ્લિન્કર્સની બેટરી ચોરાઈ ગઈ છે. જેના લીધે લાખોના ખર્ચે મુકાયેલા સોલાર બ્લિન્કર્સ બિન ઉપયોગી બન્યા છે. આ મામલે તંત્રએ પોલીસને પણ જાણ કરી છે.

શહેરમાં મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનોમાં

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ઢાંકણો પણ ચોરી થતા ખુલ્લા થાંભલા જોખમી

**સેકટરોમાં થાંભલાને રંગરોગાન કરવા ઉપરાંત જોખમી પોલ્સ પણ દુર કરાયા છે : સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઇટના ઢાંકણોની ચોરી**

ગાંધીનગર તા ૧૭

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ ઘણાં ઠેકાણે કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સ્ટ્રીટ લાઈટના પોલ્સ જાહેરાતનુ માધ્યમ બની રહ્યા છે. જેના લીધે થાંભલા પર પેમ્ફલેટ અને બેનર્સ પણ ચિપકાયેલા જોવા મળે છે. તો બીજીતરફ સ્ટ્રીટ લાઈટના કેટલાક પોલ્સ ખુલ્લી હાલતમાં જોખમી છે. જો કે છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા આ પ્રકારના પોલ્સનો સર્વે હાથ ધરી ખુલ્લા થાંભલાને ઢાંકણો લગાવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સેકટરોમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કલરકામ હેઠળ ન લેવાયા હોય તેવા પોલ્સનુ કલરકામ પણ કરવામાં આવી રહ્યુ છે. તબક્કાવાર આ પ્રકારના કટાયેલા થાંભલાને રંગરોગાન કરવાનુ કામ હાથ ધરાયુ છે. આ દરમિયાન સેકટરામાં સર્વે દરમિયાન માલુમ પડતા બંધ સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ ચાલુ કરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં વ્યવસાય વેરાની આવક ૫.૯૦ કરોડ જેટલી થઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વ્યવસાય વેરાની આવક લક્ષ્યાંકના ૬૫ ટકા જેટલી થવા પામી છે. વ્યવસાય વેરો ભરવાની અંતિમ તા. ૩૦મી સપ્ટેમ્બર છે અને આ મુદત પછી વેરો ભરનાર પાસેથી ૧.૫૦ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વ્યવસાય વેરાની આવક અત્યાર સુધીમાં ૫.૯૦ કરોડ જેટલી થવા પામી છે. રૂ. ૯.૫૦ કરોડના અંદાજપત્રના લક્ષ્યાંક સામે આ આવક ૬૫ ટકા જેટલી થવા જાય છે.

મળતી વિગતો પ્રમાણે નવા વ્યવસાયકારો શોધવામાં તંત્રને સફળતા મળી છે અને હાલ ૪૫૦૦ જેટલા વ્યવસાયકારો નોંધાયા છે. આ સંખ્યા આગામી દિવોસમાં વધશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.







નરેન્દ્ર મોદીના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે વનતંત્ર દ્વારા શહેરના સિવિલ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સિવિલ કેમ્પસમાં અંદાજિત ૨૦૦ જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ તબક્કે વિભાગના વડા ડી કે શર્મા , સામાજિક વનીકરણના રામકુમાર ગાંધીનર સર્કલના વડા ફ્રેન્કલીન ખુબાંગ જિલ્લા વન અધિકારી એસ જી ડામોર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈ તેમજ સિવિલ હોસ્પિટલના અધિકારીઓ જી એન ઈ આર એસ સોસાયટીના ડો બિપિન નાયક મેડીકલ કોલેજના ડીન ડો શોભના ગુપ્તા , સિવિલ સુપ્રિટેન્ડેન્ટ નિયતિ લાખાણી આર એમ ઓ સુધાબેન શર્મા ઉપરાંત જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધિકારીઓ, ભાજપના કાર્યકરો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસને અનુલક્ષી શહેરમાં ઠેર ઠેર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાજપના આગેવાનોએ પણ શહેરમાં અનેક ઠેકાણે નવા રોપાઓની વાવણી કરી હતી. સે-૨૨ ના રહીશો અને વેપારીઓ આમ પણ નગરની હરિયાળી માટે વિશેષ જાગૃત છે. સે-૨૨ ના વેપારી અગ્રણી કાલીદાસ પટેલ સહીત અન્ય વેપારીઓ તેમજ સ્થાનિકોએ શોપિંગ વિસ્તારમાં નવા રોપાઓની વાવણી કરી પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી કરી હતી.

# ટાઉનહોલની સિલીંગને આકર્ષક બનાવવા બિહાર- ઓરીસ્સાના કારીગરો આવશે

**પાર્કીંગની સાથે બગીચો પણ લેન્ડ સ્કેપીંગની કામગીરીથી નિખરશે**

ગાંધીનગર તા ૧૭

ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ટાઉનહોલમાં અદ્યતન સાઉન્ડ સિસ્ટમ સાથે નવી બેઠક વ્યવસ્થા તેમજ લીફટ અને ગ્રીન રૂમ પણ બનાવાશે જયારે ટાઉનહોલની સિલીંગ પણ વિશેષ ડિઝાઈનની બનશે આ માટે બિહાર અને ઓરિસ્સાથી કારીગરોની ટીમ આવશે.

શહેરમાં પાંચ વર્ષના અંતે ટાઉનહોલના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ અગાઉ કાગળ પર અટવાયા બાદ ટેન્ડર પ્રક્રીયાની મંજુરીમાં પણ વિલંબ થયો હતો જયારે લાંબા સમય બાદ ટાઉનહોલના રૂપરંગ બદલવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ટાઉનહોલને ચકાચક બનાવવા માટે અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. કલાકારો તેમજ કલાપ્રેમીઓ પણ ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી હર્ષની લાગણી અનુભવી રહ્યા છે. ટાઉનહોલ લાંબા સમયથી મરણપથારીએ હતો જયારે હવે હોલને અદ્યતન અને સુવિધાયુક્ત બનાવવા માટે અનેકવિધ નવા કામો હાથ ધરવામાં આવનાર છે. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ તેમજ સ્ટેજ , લીફટ અને ગ્રીનરૂમની સાથે બેઠક વ્યવસ્થા પણ બદલવામાં આવશે. જો કે ટાઉનહોલનુ મોટાભાગનુ સ્ટ્રકચર યથાવત રહેશે ત્યારે ટાઉનહોલની સિલીંગ પણ અત્યંત આકર્ષક બનાવાશે. જેના માટે બિહાર અને ઓરિસ્સાથી કારીગરોની ટીમ આવશે.ટાઉનહોલના રીનોવેશન માટે આમ પણ ઘણો સમય વિતી ગયો છે. ત્યારે આગામી છ મહીનામાં હોલના રીનોવેશનનુ કામ પુર્ણ કરી દેવાશે. અલબત્ત આગામી જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં ટાઉનહોલ તૈયાર થઈ જાય તે મુજબ આયોજન કરાયુ છે. ટાઉનહોલના નવિનીકરણ અન્વયે પાર્કીંગની સુવિધા ઉપરાંત બગીચા સહીત લેન્ડ સ્કેપીંગનુ કામ પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.



સે-૩૦ સ્થિત અંતિમધામમાં ભવ્ય ચબુતરાનુ નિર્માણ કરાયુ છે. કોર્પોરેશન સંચાલિત મુક્તિધામમાં ૪૮ ફુટ ઉંચા ચબુતરો તૈયાર કરાયો છે. જેમાં પક્ષીઓના ૮૦૦ ઘર છે. આ ચબુતરો અંદાજિત એક સપ્તાહમાં તૈયાર કરી દેવાયો છે. ચબુતરાની ડિઝાઈન પણ લાંબા અભ્યાસના અંતે તૈયાર કરાઈ હતી જે મુજબ અદભુત ચબુતરો તૈયાર કરાયો છે. સ્મશાનમાં નિર્મિત આ ઉંચો ચબુતરો પક્ષીઓ માટે અનોખુ આશ્રય સ્થાન બન્યો છે. રોજબરોજ આવતા પક્ષીઓને ચણ અન પાણી મળી રહે છે ચબુતરા નિર્માણ બાદ અંતિમધામમાં પક્ષીઓના કલરવથી પણ સ્વજનોને અનોખી શાંતિનો અહેસાસ થાય છે.

# જિલ્લા ભાજપ દ્વારા પ્રધાનમંત્રી મોદીના જીવનકવન આધારિત પ્રેરણાદાયી પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૧૭

આજે ૧૭ સપ્ટેમ્બરના રોજ લોક લાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિ અનુસંધાને તેમના જીવન કવન પર આધારિત પ્રદર્શનીનું ઉદ્દ્ઘાટન ગાંધીનગર જિલ્લા ભાજપા





પ્રભારી અને ગાંધીનગર લોકસભા ઈન્ચાર્જ ડૉ. હર્ષદભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ મંત્રી મહેશભાઈ કસવાલાના વરદહસ્તે મોઢેશ્વરી ભવન પેથાપુર, રાંધેજા રોડ ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે તા. ૧૭ સપ્ટેમ્બરી ૭ ઓકટોબર દરમિયાન સમગ્ર ગુજરાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનના ઉપલક્ષ્યમાં ''સેવા અને સમર્પણ અભિયાન'' યોજાઈ રહ્યું છે. જેના સંદર્ભમાં 'નમોત્સવ'ના ઉપક્રમે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શૈશવકાળથી લઈને સમગ્ર રાજકીય સફર આધારિત પ્રદર્શની ગાંધીનગર જિલ્લા ભાજપા દ્વારા મોઢેશ્વરી કોઠા, મોદી ચેરિટીબલ હોલ, પેથાપુર રાંધેજા રોડ ખાતે ખુલ્લી મુકવામાં આવી છે. આ પ્રદર્શની જાહેર જનતા અને કાર્યકર્તાઓ માટે બપોરના ૧ થી ૫ દરમિયાન ઉપલબ્ધ રહેશે.

આ પ્રસંગે પ્રદેશ ભાજપા મંત્રી મહેશભાઈ કસવાલાએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સમગ્ર જીવન સર્વે માટે એક પ્રેરણાદાયી અધ્યાય છે. આપણી યુવાપેઢી અને બાળકોને આ પ્રદર્શન દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નજીકથી જાણવાનો લ્હાવો મળશે.

કસવાલાએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી શ્રેણીબદ્ધ સીમાચિહ્ન નિર્ણયો અને યોજનાઓના માધ્યમથી ગુજરાતને સમગ્ર દેશમાં અગ્રીમ હરોળમાં મુક્યું છે. આજે તેમણે કંડારેલા વિકાસ પથ પર ગુજરાત અવિરત અને સાતત્યપૂર્ણ રીતે આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રચંડ જનાદેશ દ્વારા કેન્દ્રમાં પ્રધાન સેવક તરીકે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી દેશ અને દેશબાંધવોની ઉન્નતિ માટે એકનિષ્ઠ અને સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ તેમના જીવનમાં આવેલા તમામ પડકારોને અવસરમાં બદલીને અને 'ન ભૂતો ન ભવિષ્યતિ'જેવા

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં કોરોનાના કેસ વધ્યા : નવા ૨૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં છેલ્લા બે દિવસથી કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે. આજે સાંજે નવા ૨૫ કેસ ઉમેરાતા સ્થિતિ ચિંતા ઉપજાવે છે.

અમદાવાદ-સુરતમાંથી સૌથી વધુ ૫, વડોદરામાંથી ૩, ભાવનગર-વલસાડમાંથી ૨ જ્યારે અમરેલી-ગીર સોમનાથ-જામનગર-પોરબંદર-રાજકોટમાંથી ૧-૧ નવા કેસ સામે આવ્યા હતા. સળંગ ૧૨માં દિવસે કોરોનાથી એકપણ મૃત્યુ નોંધાયું નહોતું. રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૮,૨૫,૬૭૭ જ્યારે કોરોનાથી કુલ મરણાંક ૧૦,૦૮૨ છે. વધુ ૨૩ દર્દી કોરોનાથી સાજા થયા છે.

ટેલિફોનીક બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી

ગં.સ્વ. લલીતાબેન પરશુરામ પંડ્યા

તા. ૧૬-૦૯-૨૦૨૧ ને ગુરૂવાર ના રોજ દેવલોક પામેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું ટેલિફોનીક બેસણું

તા. ૧૯-૦૯-૨૦૨૧ ને રવિવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

લિ.

આશુતોષ પરશુરામ પંડ્યા (CEO & Director of GNS News) M : 9723722262

અમી આશુતોષ પંડ્યા (Ami Jal) M : 9898433012

જીત આશુતોષ પંડ્યા

ખુશાલી જીત પંડ્યા

મીત આશુતોષ પંડ્યા

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com